# પ્રસૂતિની રજાઓ બાબત

- બૉમ્બે સિવિલ સર્વિસ રૂલ્સ-771 હેઠળ પ્રસૂતિની રજાઓ આપવાની જોગવાઈ છે. આ રજાઓ 135 દિવસની મર્યાદામાં મળે છે.
- તા. 8-2-'98ના નાણાં વિભાગના ઠરાવક્રમાંક : પીજીઆર-1098-17-એમ થી 90 દિવસના બદલે 135 દિવસની રજાઓ મળવાપાત્રના હુકમો થયા છે.
- તા. 8-2-'98ના દિવસે જે સ્ત્રીકર્મચારી પ્રસૂતિરજા ઉપર હતા અને 90 દિવસની પ્રસૂતિની રજાનો સમય પૂરો ન થયો હોય તેવા કિસ્સામાં 135 દિવસની પ્રસૂતિરજા મળવાપાત્ર થશે.
- પ્રસૂતિરજા પર ઉતરતી વખતે જેમણે એક વર્ષની સળંગ નોકરી કરી હોય તે હંગામી અને કાયમી બંને પ્રકારના કર્મચારીઓને મળવાપાત્ર છે.
- આ રજા બીજી કોઈપણ પ્રકારની રજા (રૂપાંતરિત રજા સહિત) સાથ જોડી શકાશે
- પ્રસૂતિરજાની અરજીની તારીખે જે સ્ત્રીકર્મચારીને બે અથવા વધારે બાળકો પ્રસૂતરજા મંજૂર કરતા વળા જીવંત હોય તેવા કર્મચારીને પ્રસૂતિરજા મળવાપાત્ર નથી. આ હુકમો તા. 1-1-'87 થી અમલમા આવ્યા છે
- પ્રસૂતિરજાની મુદત દરમિયાન મળવાપાત્ર રજાનો પગાર નાચે પ્રમાણે છે :
  - (અ) સળંગ બે અથવા વધુ વર્ષની નોકરી પૂરી કરી હોય તેવા તેમજ કાયમી કર્મચારીઓની બાબતમાં મળવાપાત્ર પ્રસૂતિરજાનો પગાર પ્રાપ્તરજા અંગે મળવાપાત્ર પગાર જેટલો રહેશે.
  - (બ) સળંગ બે વર્ષથી ઓછી નોકરી પૂરી કરી હોય તેવા કર્મચારીઓની બાબતમાં મળવાપાત્ર પ્રસતિરજાનો પગાર, અર્ધપગારી રજા અંગે મળવાપાત્ર પગાર જેટલો રહેશે.
- પ્રસૂતિરજા, રજાના હિસાબ ખાતે ઉધારવામાં આવતી નથી
- પ્રસૂતિરજા મંજૂર કરવા પ્રસૂતિની સંખ્યા નહિ પણ હયાત બાળક સંખ્યાને ધ્યાને લેવાની છે.

**સ્ત્રીવિદ્યાસહાયકોને પ્રસૂતિની રજાનો લાભ :**

- તા. 11-6-'98ના શિક્ષણ વિભાગના ઠરાવથી વિદ્યાસહાયકયોજના અમલમાં આવી જેની જોગવાઈઓ જોતાં મહિલાવિદ્યાસહાયકોને પ્રસૂતિની રજાનો લાભ આપવામાં આવેલ હતો નહિ
- ગુજરાતરાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘની રજૂઆત અન્વયે શિક્ષણ વિભાગના તા. 16-9-2000 ના પત્રથી સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસૂતિના હેતુસર બે માસની બિનપગારી રજા મંજૂર કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ પત્રમાં અમલની તારીખ સુનિશ્ચિત કરેલ ન હોઈ પત્ર થયા તારીખથી એટલે કે તા. 16-9-2000 થી જ મળવાપાત્ર બને. તે પહેલાં સ્ત્રીવિદ્યાસહાયકોએ ભોગવેલ પ્રસૂતિની રજાઓ કપાતપગારી એટલે કે બિનપગારી રજાઓ તરીકે ગણવામાં આવે.
- તા. 16-9-2000 પહેલાં મહિલાવિદ્યાસહાયકે ભોગવેલ પ્રસૂતની રજાઓ જેટલા દિવસ બે વર્ષની પૂર્ણ નોકરીના ગણતરીના હેતુ માટે તેટલા વધુ દિવસ વિદ્યાસહાયક તરીકે નોકરી કરવી પડે.
- 60 દિવસની બિનપગારી પ્રસૂતિની રજાઓ મહિલાવિદ્યાસહાયકને આપવાની તા. 16-9-2000 ના પત્ર અન્વયે તા. 16-9-2000 કે તે પછી રજા ઉપર જનાર મહિલાવિદ્યાસહાયકને તેટલા દિવસનો પગાર મળે નહિ પરંત બે વર્ષની પૂર્ણ નોકરીના ગણતરીના હેતુ માટે આ રજાઓ સળંગ ગણીને લાભ મળવાપાત્ર છે.
- ગુજરાતરાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની રજૂઆત અન્વયે શિક્ષણ વિભાગના તા. 22-10-2003 ના ઠરાવક્રમાંક : પીઆરઈ-1199-ઈએમ-1073-ક થી સ્ત્રીવિદ્યાસહાયકોને 135 દિવસની પ્રસૂતિનો લાભ તા. 8-2-'98 ના નાણાં વિભાગના ઠરાવ મુજબ મળવાપાત્ર થયો મતલબ કે આ કૉલમમાં સૌથી ઉપર પ્રસૂતિની રજાઆ અંગે આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ મહિલાવિદ્યાસહાયકોને નિયત શરતોને આધીન 135 દિવસની રજાઓ મળવાપાત્ર છે.
- પુરુષવિદ્યાસહાયકોને 15 દિવસની પિતૃત્વરજાઓનો લાભ આપવામાં આવેલ નથી. *(માગણી ચાલ છે)*
- **135 દિવસની રજાઓનો પગાર નીચે મુજબ મળવાપાત્ર છે :**
  - (1) એક વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોય નહિ તો આ લાભ મળવાપાત્ર નથી.
  - (2) એક વર્ષથી વધુ અને બે વર્ષથી પૂર્ણ સેવા થયેલ ન હોય તો ભોગવેલ રજાના (મહત્તમ 135 દિવસ) અડધા દિવસોનો પગાર મળવાપાત્ર છે.

(3) બે વર્ષના પૂર્ણ નોકરી બાદ પ્રસૂતિના ભોગવેલ રજાઓની (મહત્તમ 135 દિવસનો) પૂરાપગાર મળવાપાત્ર છે.

(4) વિદ્યાસહાયક તરીકે બે વર્ષની નોકરી પૂર્ણ કરવામાં આ રજાઓ ગણતરીએ લેવામાં આવે.

- વિદ્યાસહાયકમાંથી શિક્ષક તરીકેના સંવર્ગમાં સમાવિષ્ટ થતા પુન: પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને ત્યારપછીના શિક્ષક તરીકેની નોકરી ગણીને અનુક્રમે શૂન્ય, અર્ધ અને પૂરોપગાર આપવાનું લાગુ પડતું નથી.

  દા.ત., શિક્ષક તરીકે પૂરાપગારમાં આવ્યાને છ માસ થયો હોય તો પણ પ્રસૂતિની રજાઓ મળવાપાત્ર છે.

- પ્રસૂતિની રજાઓ દરમ્યાન તમોને જે પગાર મળવાપાત્ર બનતો હોય તેટલો પગાર મળવાપાત્ર છે.

  દા.ત., 40 દિવસ વિદ્યાસહાયક અને 95 દિવસ પૂરાપગારી શિક્ષક તરીકે કુલ 135 દિવસ રજાઓ (સળંગ ભોગવાઈ હોય તેવા કિસ્સામાં 40 દિવસનો વિદ્યાસહાયક તરીકેનો અને અન્ય 95 દિવસ શિક્ષકને મળતા પૂરા પગારના જેટલો પગાર મળવાપાત્ર છે

*નોંધ : મુંઝવણ અને માર્ગદર્શનમાં અધૂરા અને અપૂર્ણ પ્રશ્નોના કારણે અથવા અર્થઘટનની વિસંગતતાના કારણે અન્ય કાંઈ માર્ગદર્શન આપવામાં આવેલ હોય તો તે બધાને આ સાથે આપેલ માર્ગદર્શન સાંકળી લેવું.*